## સંક્ષિપ્ત સમાચાર

### નારેશ્વરમાં રક્તદાનનો રેકોર્ડ: ભાજપ યુવા મોરચાના કેમ્પમાં ૧૫૬ યુનિટ રક્ત એકત્રિત



**કરજણ** : શ્યામાપ્રસાદ મુખર્જીની સ્મૃતિમાં યોજાયેલા સેવા કાર્યમાં યુવાનો અને પોલીસ જવાનોનો ઉત્સાહભેર સહભાગ કરજણ તાલુકાના નારેશ્વર ખાતે શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મજયંતિથી પુણ્યતિથિ નિમિતે ચાલી રહેલા સેવા પખવાડિયાના ભાગરૂપે જીવનજ્યોત બ્લડ સેન્ટર, વડોદરા અને કરજણ તાલુકા ભાજપ યુવા મોરચાના સંયુક્ત ઉપક્રમે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય અક્ષય પટેલના સેવાલય કાર્યાલય ખાતે યોજાયેલા આ કેમ્પમાં યુવાનો, પોલીસ જવાનો અને ભાજપ કાર્યકરોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. વલણ પોલીસ સ્ટેશનના પીએસઆઈ સહિત પોલીસ કર્મચારીઓ તેમજ યુવા મોરચાના કાર્યકરોએ મળીને કુલ 151 યુનિટ રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. નોંધનીય છે કે વડોદરા જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા આયોજિત રક્તદાન કેમ્પોમાં નારેશ્વરનો આ કેમ્પ સૌથી વધુ રક્ત એકત્રિત કરનાર કેમ્પ તરીકે ઉભરી આવ્યો છે.

### સફાયર પબ્લિક સ્કૂલ, બોડેલીમાં ઇન્ડિયન ટેલેન્ટ ઓલિમ્પિયાડ વિજેતાઓનો ભવ્ય સન્માન સમારોહ



**બોડેલી** : સફાયર પબ્લિક સ્કૂલ, બોડેલી દ્વારા 13મી ઇન્ડિયન ટેલેન્ટ ઓલિમ્પિયાડમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓના સન્માન માટે ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહ દરમિયાન કુલ 2 વિદ્યાર્થીઓને સ્ટેટ લેવલ-3 એક્સેલેન્ટ એવોર્ડ, 30 વિદ્યાર્થીઓને ક્લાસ ટોપર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત 150થી વધુ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ ચેક, પ્રમાણપત્રો અને વિવિધ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બોડેલીના માનનીય જજ ઘાસુરા સલીમ અલ્તાફ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટી રાહુલ ઇસરાની તથા હેડમિસ્ટ્રેસ સ્મિતા સેન પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાને ઇન્ડિયન ટેલેન્ટ ઓલિમ્પિયાડ દ્વારા ગોલ્ડન સ્કૂલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી, જે સમગ્ર શાળા પરિવાર માટે ગૌરવની ક્ષણ બની હતી.

### જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના હસ્તે નવનિયુક્ત મહેસુલી તલાટીઓને નિમણૂક પત્ર એનાયત કરાયા



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના હસ્તે ગુજરાત ગૌણસેવા પસંગી મંડળ દ્વારા પસંદગી પામેલા નવનિયુક્ત મહેસુલી તલાટી વર્ગ-૩ના ૧૪૬ને નિમણુક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. મહેસૂલ વિભાગમાં પારદર્શક અને ઝડપી વહીવટ સુનિશ્ચિત કરવાના ભાગરૂપે નિમાયેલા ૧૪૬ નવનિયુક્ત મહેસૂલી તલાટી ઉમેદવારોમાં ૪૭ મહિલા ઉમેદવારો અને ૯૯ પુરુષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા નિમણૂક પત્ર વિતરણ કાર્યક્રમનું સૌએ લાઇવ પ્રસારણ નિહાળ્યું હતું. આ તમામ યુવા ઉમેદવારોને મહેસૂલ વિભાગમાં તેમની નવી કારકિર્દીની શરૂઆત માટે નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. આ નિમણુક પત્ર વિતરણ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર શૈલેષ ગોકલાણી સહિત મામલતદાર સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વચ્છ ભારત-ગ્રીન ગુજરાત અંતર્ગત કાવી સ્તંભેશ્વર મહાદેવ ખાતે વૃક્ષારોપણ અને કારોબારી સભા યોજાઇ



**પાદરા** : જંબુસર તાલુકાના કાવી કંબોઈ સ્થિત પ્રસિદ્ધ સ્તંભેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં સ્વચ્છ ભારત-ગ્રીન ગુજરાત અભિયાન અંતર્ગત ગુજરાત ટિમ્બર મર્ચન્ટ ફેડરેશનની કારોબારી સભા તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ગુજરાત ટિમ્બર મર્ચન્ટ ફેડરેશનના પ્રમુખ રવિન્દ્રભાઈના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. તેમાં ફેડરેશનના ઉપપ્રમુખ તુલસીભાઇ ભાવાણી, તત્કાલીન નિવૃત્ત પ્રમુખ જયંતીભાઇ, મહામંત્રી તુલસીભાઇ, ભવાનભાઇ તથા સર્વે કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પર્યાવરણ સંરક્ષણ માટે સૌને વૃક્ષારોપણના સંકલ્પ સાથે જોડાવા અનુરોધ કર્યો હતો.

માર્ગ પર ગાબડું પડતાં નાના-મોટા તમામ વાહનોની અવરજવર બંધ કરાવી

# ઓરસંગ બ્રિજ પર ગાબડું પડતા તમામ વાહનોની અવરજવર બંધ

**પોલીસ** અને સંબંધિત વિભાગે સ્થળ પર પહોંચી અવરજવર તાત્કાલિક બંધ કરાવી



(પ્રતિનિધિ) બોડેલી, તા.4

બોડેલીના ઓરસંગ બ્રિજ પર ચાલી રહેલી કામગીરી દરમિયાન બ્રિજના માર્ગ પર ગાબડું પડતાં તંત્ર હરકતમાં આવ્યું છે. સુરક્ષાને ધ્યાનમાં રાખી તાત્કાલિક અસરથી નાના-મોટા તમામ વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

બોડેલીના ઓરસંગ બ્રિજ પર હાલ સમારકામ અને મજબૂતીકરણની કામગીરી ચાલી રહી છે. દરમિયાન મેઘરાજાના આગમન બાદ બ્રિજના માર્ગ પર ગાબડું પડેલું જોવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સંબંધિત વિભાગ અને પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે બ્રિજ પરથી તમામ પ્રકારના વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ઓરસંગ બ્રિજ પર મોટા વાહનોની અવરજવર અગાઉથી જ બંધ કરવામાં આવી હતી અને બ્રિજનું ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું. હાલમાં પણ ભારે વાહનો માટે પ્રતિબંધ યથાવત્ છે. હવે માર્ગ પર ગાબડું પડતાં નાના વાહનોની અવરજવર પણ બંધ કરાઈ હોવાથી સ્થાનિક લોકો તેમજ રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# તલાટીઓની હડતાળથી પંચાયતી કામકાજ ઠપ

**કરજણ** સહિત રાજ્યભરમાં ગ્રામ્ય વહીવટી સેવાઓ પર વ્યાપક અસર



(પ્રતિનિધિ) કરજણ, તા.4

ગુજરાતભરમાં તલાટી મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલી હડતાળને કારણે ગ્રામ પંચાયતોની દૈનિક કામગીરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. આ હડતાળ, જે વિવિધ પડતર માંગણીઓને લઈને શરૂ કરવામાં આવી છે, તેણે ગ્રામીણ વિસ્તારોમાં વહીવટી પ્રક્રિયાઓને ગંભીરપણે અસર કરી છે. કરજણ તાલુકા સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં તલાટીઓ બે દિવસથી હડતાળ પર ઉતર્યા છે, જેના પરિણામે સામાન્ય જનજીવન પર તેની વ્યાપક અસર જોવા મળી રહી છે. તલાટીઓ, જેઓ ગ્રામ પંચાયત સ્તરે વહીવટી તંત્રની કરોડરજ્જુ સમાન છે, તેઓ મહેસૂલી અને પંચાયતી કામગીરીના બહિષ્કાર સાથે હડતાળ પર ઉતર્યા છે. તેમની મુખ્ય માંગણીઓમાં મહેસૂલી અને પંચાયતનો જોબકાર્ડ અલગ કરવાની વાત પ્રમુખ છે. આ ઉપરાંત, અન્ય સેવાકીય અને વહીવટી સુધારાઓની માંગણીઓ પણ તેમની હડતાળનો એક ભાગ છે.

### સાવલીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, ૩૯ મીમી વરસાદ

સાવલી : સાવલી તાલુકામાં ગતરાત્રિના એક વાગ્યાની આસપાસ ભારે ગાજવીજ સાથે મેઘરાજાએ એન્ટ્રી કરી હતી અને લગભગ બે થી ત્રણ કલાક વરસાદ વરસ્યો હતો તેના પગલે વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી હતી અને ભારે અટકળો બાદ આખરે ચોમાસાએ વિધિવત સાવલી તાલુકામાં પ્રવેશ કર્યો હતો તેના પગલે ખેડૂતોમાં ભારે ખુશીની લહેર પ્રસરી ગઈ હતી અને છેલ્લા ચાર માસથી ગરમી અને બફારાથી શેકાતા તાલુકા જનોએ રાહત અનુભવી હતી આજે દિવસ દરમિયાન પણ આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું વાયુ વૃદ્ધ ખેડૂતોની વાદળની સ્થિતિ જોઈને આગામી દિવસોમાં ભારે જોરદાર વરસાદ વરસ છે તેવી આગાહી કરતા જોવા મળી રહ્યા છે.

ચોમાસાની વાવણી વચ્ચે ખેડૂતોના ભવિષ્ય સાથે ચેડાં

# છોટાઉદેપુરના હાટમાં ચોમાસું જામતા જ માર્કા વગરના બિયારણનું ગેરકાયદે વેચાણ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.4

છોટાઉદેપુર જિલ્લામાં ચોમાસાની ઋતુ જામી છે અને મેઘરાજાની મહેર થતાં જ ધરતીપુત્રો વાવણીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. પંથકમાં વરસાદ થતાં ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



છોટાઉદેપુરના સાપ્તાહિક હાટમાં ચોમાસાની શરૂઆત થતાં જ બિયારણ વેચવા માટેની અનેક અસ્થાયી હાટડીઓ અને પથારાઓ ખુલી ગયા છે. આ ફેરિયાઓ દ્વારા બિયારણોનું ધૂમ વેચાણ કરવામાં આવી રહ્યું છે. મળતી માહિતી મુજબ આ બિયારણો આકર્ષક પ્લાસ્ટિકની કોથળીઓમાં પેક કરેલા છે, પરંતુ તેના પર કોઈ માન્ય કંપનીનું નામ, સરનામું, લોટ નંબર હોતા નથી.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ફેરિયાઓ જાતે જ ઘરબેઠા ગમે તેવું બિયારણ લાવી હાથેથી પેકિંગ કરી વેચી રહ્યા છે.

હાટ બજારમાં પથારો પાથરીને બેસતા મોટાભાગના બિયારણના ફેરિયાઓ પરપ્રાંતમાંથી એટલે કે સરહદી રાજ્યોમાંથી આવી રહ્યા છે. આ ફેરિયાઓ સ્થાનિક આદિવાસી ખેડૂતોને ઓછી કિંમતની લાલચ આપીને આ બિયારણ પધરાવી રહ્યા છે. હાટ પૂરો થતાં જ આ ફેરિયાઓ રફૂચક્કર થઈ જાય છે.

# ગઢબોરિયાદમાં ૫ કરોડના આરોગ્ય કેન્દ્રમાં પ્રથમ વરસાદે જ પોલ ખોલી



(પ્રતિનિધિ) નસવાડી, તા.4

5 કરોડ નો ખર્ચ કર્યા પછી પણ વરસાદી પાણીનો નિકાલ માટે એન્જિનિયરએ કાળજી ના લીધી કેમ્પસના પાણીના નિકાલ માટે ગટર બનાવવાનું જ ભૂલી ગયા નસવાડી તાલુકાના ગઢબોરિયાદ ગામે કરોડો રૂપિયાના ખર્ચે પીઆઈયુ વિભાગ દ્વારા નિર્માણ પામેલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રના ભવન અને કેમ્પસમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈન ન હોવાને કારણે પ્રથમ વરસાદમાં જ પાણી ભરાઈ ગયું હતું આ ઘટનાને કારણે દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને તેમને પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા હતા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે નવું બિલ્ડિંગ અને આરસીસી રોડ બનાવવામાં આવ્યો હતો, જેના પર કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં જ આ બિલ્ડિંગનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. જોકે વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે પ્રથમ વરસાદમાં જ સમગ્ર કેમ્પસમાં પાણી ભરાઈ ગયું હતું પાણી ભરાઈ જવાને કારણે દર્દીઓને આરોગ્ય કેન્દ્રમાં આવવા-જવામાં ભારે તકલીફ પડી રહી છે. પાણીમાંથી પસાર થવું તેમના માટે મુશ્કેલ બની ગયું છે.

# બોડેલીમાં હાઈવા ટ્રકની અડફેટે યુવાનનું મોત

**અકસ્માત** બાદ લોકોના ટોળેટોળા ઉમટ્યા, ભારે વાહનો સામે કાર્યવાહી કરવાની માંગ



(પ્રતિનિધિ) બોડેલી, તા.4

બોડેલી અલીપુરા ચોકડી નજીક હાઈવા ટ્રકની અડફેટે મોપેડ ચાલક આવી જતા આ દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા અને ભારે રોષ વ્યક્ત કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, મૃતકની ઓળખ ચિસડીયા ગામના રહેવાસી જયેશ વઘલાભાઈ રાઠવા તરીકે થઈ છે. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. બોડેલી નગરના અલીપુરા ચોકડી નજીક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. હાઈવા ટ્રકની અડફેટે મોપેડ ચાલક આવી જતા યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોનું કહેવું છે કે જિલ્લામાં બેફામ દોડતા ભારે વાહનોના કારણે વારંવાર નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે.

# ડભોઈમાં રૂ. ૩૪ કરોડની ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત કરાયુ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.4

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અંદાજિત રૂ. ૩૪ કરોડના ખર્ચે ડભોઇ શહેરમાં નિર્માણ પામનાર નવીન ભૂગર્ભ ગટર યોજનાનું ખાતમુહૂર્ત ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું.



આ મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ શહેરમાં કુલ ૫ નવા પમ્પિંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. ઉપરાંત અંદાજે ૨,૯૩૭ હાઉસ કનેક્શન તેમજ ૫,૮૭૪ પ્રોપર્ટી કનેક્શનનો સમાવેશ કરવામાં આવ્યો છે. યોજના પૂર્ણ થયા બાદ ડભોઇ શહેરમાં વર્ષોથી ચાલી આવતી ડ્રેનેજ અને ગટર વ્યવસ્થાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. પ્રસંગે ધારાસભ્ય એ જણાવાયું હતું કે આ યોજના શહેરના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. આધુનિક ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉભી થવાથી સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણને પણ લાભ મળશે તેમજ નાગરિકોને વધુ સુવિધાસભર અને ગુણવત્તાયુક્ત પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

# ચાણસદમાં BAPSના બાળકોનું ભવ્ય સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ) પાદરા, તા.4

વિશ્વવ્યાપી બીએપીએસ સંસ્થા દ્વારા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ રચિત ગ્રંથ સત્સંગ દીક્ષાના ૩૧૫ સંસ્કૃત શ્લોકોનો એકસાથે મુખપાઠ કરીને અનોખો વિશ્વવિક્રમ સર્જવામાં આવ્યો હતો. આ અભૂતપૂર્વ સિદ્ધિની નોંધ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાઈ છે. આ વિશ્વવિક્રમમાં વિશ્વભરના ૧૫,૦૦૦થી વધુ બાળ-બાલિકાઓએ ભાગ લીધો હતો. જેમાં વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૭૫૯થી વધુ બાળ-બાલિકાઓએ પણ સફળતાપૂર્વક મુખપાઠ કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. આ પ્રસંગે બીએપીએસના સ્થાપક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રાગટ્ય સ્થાન ચાણસદ ખાતે વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.


ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**Civil Construction** Company માટે અનુભવી Supervisor, Engg, Site Supervisor જોઈએ છે. Mob- 98241-33338 Email- bein301@gmail.com

**અડાજણ, વરાછા** કતારગામ, વેડરોડ ડોર ટુ ડોર પાન મુખવાસ વેચવા માટે ભાઈઓ બહેનોની જરૂર છે. મળો. 9825500993

**વેસુમાં** બેટરીના કામ માટે કારીગર જોઈએ છે (આકર્ષક પગાર) 9723020077 (195)

**ડિલીવરી બોય** તાત્કાલિક જોઈએ છે. વલસાડ માટે ટુ- વ્હીલર હોવુ જરૂરી આકર્ષક પગાર + કમિશન સંપર્કઃ કલ્પેશભાઈ (ફક્ત વલસાડ માટે) 9586404092

**દુકાન અને ગોડાઉન** માટે ઉત્સાહી છોકરા અને છોકરી જોઈએ છે. પાર્ટ- ફુલ ટાઈમ. પગારઃ- 10,000/- થી 15000/-. નોંધઃ- ફોન કરવાનો સમયઃ- 11 થી 7. શોભન ઈલેક્ટ્રીકલ્સ. અડાજણ, સુરત. MO:- 9904064499.

**જોઈએ છે છોકરી** સોસીયલ મીડીયા, ફોટોગ્રાફી, વ્હોટસએપ માર્કેટીંગ માટે, મો. ૯૦૨૨૨૨૨૨૯૮

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ક્ષેત્રપાળ ટુર્સ.** (ચોક્કસ ઉપડશે સ્લીપર બસ દ્વારા) (પાંચ જ્યોર્તિલિંગ, અષ્ટવિનાયક. 04-08, 05-09, 27-09) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 15-08, 29-08)(કોલ્હાપુર, મહાલક્ષ્મી, ગોવા, ગણપતિપુલે, મહાબળેશ્વર. 27-09) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ 15-08)(ફક્ત હૈદરાબાદ, શ્રીશૈલમ 15-08)(નેપાળ, પોખરા, કાઠમંડુ, વારાણસી 06-09, 13-11) (અયોધ્યા, વારાણસી,બૌધગયા, બૈજનાથ, ઝારખંડ. 26-09) (દિવાળી વેકેશન બુકિંગ ચાલુ) સુરેશભાઈ પુરોહિત.9825105053

**મહાદેવ ટુર** એન્ડ ટ્રાવેલ્સ. (ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર, ભીમાશંકર) સાપુતારા, વાંગણ ધોધ. 7802062340 (204)

**સ્વપ્ન ટ્રાવેલ્સ** રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમ્નોત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ઋષિકેશ. તારીખ- 19/8, 4/9, 17/9/2026. દિવસ-15. (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિંલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગરે. તારીખ- 15/9, દિવસ-12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ-10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

વેસુના પોશ એરિયામાં વીઆઈપી રોડ નજીક ડુપ્લેક્સ ફલેટ વેચવાનો છે 6BKH + 2 સર્વન્ટ રૂમ એલોટેડ પાર્કિંગ સાથે 98241 49995 98251 22616 (What'app)

**ઓમશિવ ટ્રાવેર્લ્સ** 8, 22 રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, સારંગપુર. 23 રાત્રે, ભીમાશંકર, ઘૃષ્ણેશ્વર, (ત્ર્યંબકેશ્વર, 19 ઓગષ્ટ. અષ્ટવિનાયક, પાંચ જ્યોતિલીગ, પંઢરપુર, કોલ્હાપુર. ખરવરશેરી, ભાગળ, સુરત.-9537838949, 9327199997

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે. 380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે | 460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, બિસલ સર્કલ પાસે 9712979399

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

લક્ઝરી 4 & 5 BHK એપાર્ટમેન્ટ જી.ડી. ગોયન્કા રોડ પર હવા અને કુદરતી પ્રકાશથી ભરપૂર શાનદાર ફ્લેટ્સ. એવી શ્રેષ્ઠ સુવિધાઓ (Amenities) જે નો તમે પહેલાં ક્યારેય અનુભવ ન કર્યો હોય. સૌથી આકર્ષક ભાવે ઉપલબ્ધ. તરત જ સંપર્ક કરો: 6352106126

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત ભાડેથી

**2 રૂમ, રસોડું** અને વાડાવાળુ મકાન ભાડે આપવાનુ છે. ૫૭, દત્તાત્રેય સોસાયટી, મોરાભાગળ, રાંદેર ચાર રસ્તા. વર્કિંગ વિમેન / નાનું ફેમિલી આવકાર્ય. સંપર્ક 9898008991

10x30 દુકાનો ભાડેથી આપવાની છે 90x110 ફુટનો શેડ ભાડેથી આપવાનો છે દલાલોએ તસ્દી લેવી જય રાધે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (સચીન) 96241 07000

વિષયક

**પટેલ સિવિલ** એન્જિનિયર 58 વર્ષ 5'4'' ડિવોર્સ઼ 1 બાળક, વિધવા, ત્યક્તા આવકાર્ય 9099735794

મિલ્કત વેચવાની છે

**પ્લોટ વેચવાનો છે** સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

**વેચવાની છે** જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

**સુરત ડાયમંડ બુર્સ**

ભાડેથી જગ્યા આપવાની છે રોડ નં.-2, સચીન GIDC,માં. 5000 સ્કે. ફીટ, ગ્રાઉન્ડ ફ્લોર, 5000 સ્કે. ફીટ, પહેલો માળ, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ડિજીટલ પ્રિન્ટીંગ માટે પણ ઉપયોગી. દલાલોએ તસ્દી લેવી 96241 07000

ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**ફ્લેટ વેચવાનો છે.** 1 BHK અડાજણ, નાગરદાસ હોલ પાસે, (M) 9979859777. (201)

**જુનો સામાન વેચવાનો** છે સોફા કમબેડ, ફ્રીઝ, વોશીંગ મશીન, એસી, ઈનવર્ટર (M) 9979859777 (202)

**3- BHK ફ્લેટ** વેચવાનો છે, પાર્લેપોઈન્ટ, સોમનાથ એન્કલેવ, 95- LK, 9374718010, 9767318010

**અરજન્ટ**

ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156

**પ્લોટ વેચવાનો છે** ડબલ રોડ કોર્નર, પ્રાઈમ લોકેશન, 180- વાર, એલ.પી. સવાણી રોડ, 9376112121

**જહાંગીરપુરા** સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**અડાજણમાં** ટોપ લોકેશનમાં દર મહિને બે લાખ આવકવાળી 700 સુપર બીલ્ડઅપ 1.75 CR દુકાન વેચવાની - 91576-22115

**ન્યુ કતારગામ** વરિયાવ માં ૨૦x૩૫ ના પ્લોટ વેચવાના ટાયટલ કીલ્યર ૯૮૨૪૦૫૪૮૪૮

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*